**રે.દી.મુ. નં.૦૮/૨૦૧૯**

**–:<u>આંક–૫ લગત હુકમઃ</u>–**

(૧) વાદીની હાલની આંક–૫ ની અરજીની તથા તેનો પ્રતિવાદી તરફે આંક–૨૭ થી રજૂ કરેલ જવાબ વંચાણે લીધા.

(૨) વાદીઓએ તેઓની હાલની અરજીના સમર્થનમાં માર્ક ૪/૧ થી ૪/૭ સુધીના દસ્તાવેજો રજૂ કરેલ છે. જે વંચાણે લઈ, ધ્યાને લીધેલ છે.

(૩) ત્યારબાદ આ કામે વાદીઓ તરફે તેમની હાલની અરજીના સમર્થનમાં આંક–૩૧ થી લેખિત દલીલ રજૂ કરેલ છે. જે વંચાણે લઈ, ધ્યાને લીધેલ છે.

(૪) જ્યારે આ કામે પ્રતિવાદીઓ તરફે તેમના વિ.વ.શ્રીએ મૌખિક દલીલો કરી જણાવેલ છે કે, સદર કામે વાદીઓ જે રસ્તો જણાવે છે તેવો કોઈ રસ્તો વાદીઓનો આવેલ નથી. વાદીઓને સદર રસ્તામાંથી તેઓને કોઈ અડચણ આવતા જતા કરેલ નથી. સદર રસ્તા બાબતે કોર્ટ કમિશનરશ્રીએ કરેલ પંચનામા મુજબ રસ્તો બંન્ને બાજુના છેડાએ આવેલ હોય જેથી વંડો જે કરીને તેઓએ બંધ કરેલ છે તે હકીકતે વાદીઓનો દાવો ટકવાપાત્ર ન હોવાનું સાબિત થાય છે. વાદીઓએ જે તેઓની દાવાવાળી મિલકત વેચાણ રાખેલી તે દસ્તાવેજમાં કહેવાતો રસ્તાનો ઉલ્લેખ હોવાની જે હકીકત જણાવે છે તેવો કોઈ રસ્તો વેચાણ દસ્તાવેજમાં જણાવેલ નથી. સદર કામના વાદીઓ સને ૨૦૧૯ થી દાવાવાળી તેમની જમીનમાં ખેતી કરે છે. તેઓને આવવા જવા માટે અન્ય રસ્તો આવેલ છે. વાદીઓનો કોઈ પ્રાઈમાફેસી કેસ નથી અને વાદીઓ ખોટી હકીકતો આધારે દાવો લાવેલ છે. વાદીઓ મામલતદાર એક્ટ હેઠળ મામલતદાર કોર્ટમાં દાવો કરવાની જગ્યાએ અત્રેની કોર્ટમાં આવેલ છે. જેથી વાદીઓનો દાવો પણ ટકવાપાત્ર નથી અને વાદીઓને માંગ્યા મુજબની કોઈ દાદ મળી શકે તેમ ન હોય હાલની અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૫) વાદીઓ તરફે રજૂ થયેલ માર્ક–૪/૧ થી ૪/૭ સુધીના દસ્તાવેજો, પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો તથા તમામ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

–:: **<u>મુદ્દાં</u>** ::–

(૧) શું વાદીની અરજી મંજુર થવાપાત્ર છે ?

(૨) શું હુકમ ?

**(૫.૧)** ઉપરોકત મુદ્દાં પરત્વેનાં મારા નિર્ણયો તથા તે પરત્વેના મારા કારણો હું નીચે મુજબ આપું છું.:–

–:: **<u>નિ ર્ણ યો</u>** .

(૧) નકારમા.

(૨) છેવટના હુકમ મુજબ.

**:<u>કારણો</u>:**

**<u>મુદ્દા નં.૧ અને ૨</u>**

(૬) એ સ્વિકૃત છે કે, વાદીએ હાલની અરજી થી કામ ચલાઉ મનાઈ અંગે સમન્યાયની દાદ માગેલ છે,જે સંમ્પૂર્ણપણે અદાલતની વિવેકબુધ્ધિની દાદ છે.આમ છતા , આવી દાદના નિર્ણય સમયે કેટલાક ચોકકસ અને સ્થાપિત કાનૂની સિધ્ધાંતો ને ધ્યાને લેવાના રહે છે. એ સ્થાપિત છે કે, આવી દાદ મેળવવા માગનાર પક્ષકારે સામા પક્ષના કેસની નિર્બળતા પર આધાર ન રાખતા , સ્વતંત્રપણે તકરારી મિલકતમાં તેમનો કાનુની અધિકાર તેમજ સામા પક્ષ ધ્વારા તેનો ગેરકાયદેસર

રીતે થતો ભંગ **પ્રથમ દર્શનિય** રીતે પુરવાર કરવાં પડે. બીજા શબ્દોમા, આવી દાદ માગનારે તેનો **પ્રથમ દર્શનિય કેસ** પુરવાર કરવો પડે અને તે માટે પોતે દાવામા કરેલ પાયારૂપ કથનો પ્રથમ દર્શનિય રીતે ભરોસાપાત્ર હોવાનુ પુરવાર કરવુ પડે. એ પણ સ્થાપિત સિધ્ધાંત છે કે, આવી દાદના નિર્ણય સમયે **સગવડતાની સમતુલા** કોની તરફેણમાં છે ? તેમજ મનાઈ હુકમ ન આપવામાં આવેતો વાદીને **નાણાંમાં ન આંકી શકાય તેવું નુકશાન જવા** સંભવ છે કે કેમ ? તે બાબતને પણ ધ્યાનમા રાખવી જરૂરી બનેછે. જો કે, આ અંગે રજુ થયેલ દસ્તાવેજોને પુરાવાકીય ચુસ્તતાથી મુલવવાના હોતા નથી, પરંતુ તકરારી મિલકતની તકરાર સંદર્ભે યોગ્ય તે સ્થિતી જળવાય તેવા હુકમ માટે દફતરી સામગ્રીને કાંઈક અંશે ધ્યાનમાં લઈ યોગ્ય તે હુકમ કરવો જરૂરી બનેછે. એ પણ સ્થાપિત છે કે, ઉપરોકત પૈકી કોઈપણ એક તત્વ ની ગેરહાજરી મા પણ સમન્યાયની દાદ આપી શકાય નહી. એ પણ સ્વીકૃત છે કે, અદાલત સમક્ષ શુધ્ધબુધ્ધિપુર્વક કે ચોખ્ખા હાથે ન આવનાર તેમજ મહત્વની હકીકતો છુપાવનાર પક્ષકાર આવી દાદ મેળવવા **અપાત્ર** બને છે. આ સ્થાપિત કાનુનની સ્થિતિના પરિધમાં હુ હાલના કેસની ચર્ચા નીચે મુજબ હાથ ધરુ છું.

(૭) હવે ઉપરોકત સિધ્ધાતો ધ્યાને રાખી આ કામે વાદીઓની હાલની મનાઈ અરજી મુજબ વાદીઓ તેમનો પ્રથમ દર્શનિય કેસ,સગવડતાની સમતુલાનુ પલ્લુ તેમની તરફેણમા હોવાનુ કે વાદીઓને નાણામા ન માપી શકાય તેવુ નુકશાન થાય તેમ હોવાના મનાઈ અરજીના ત્રણેય તત્વો પુરવાર કરી શકે છે કે કેમ. તે બાબતે સમગ્ર રેકર્ડ ઉપરનો પુરાવો જોઈએ તો વાદીઓએ હાલનાો દાવો તેઓના સર્વે નં. ૨૦૭ પૈકી મિલકતમાં જવા આવવા માટે એકમાત્ર સીલોદર ગામના તળાવની પશ્ચિમ તરફ તળાવની પાળની લગોલગ ગૌચરમાંથી જુનો રસ્તો આવેલ હોય અને તે સિવાય તેઓને અન્ય કોઇ રસ્તો આવેલ ન હોય અને તેઓના પુરોગામી પણ સદર રસ્તાનો ઉપયોગ કરતા હોય અને સદર સર્વે નં.૨૦૫/૧ તથા સર્વે નં.૨૦૫/૨ ની ખેતીની જમીન વાદીઓના વડવાઓએ વેચાણથી લાખેલ હોય જે વેચાણ

દસ્તાવેજમાં પણ સદર રસ્તાનો ઉલ્લેખ કરેલ હોય અને આ રસ્તા ઉપર પ્રતિવાદીઓને કોઈ હકક, અધિકાર ન હોય તેમ છતા પ્રતિવાદીઓ ગેરકાયદેસર રીતે અટકાયત કરતા હોય અને રસ્તામાં ઘેટાબકરા બાંધવાનો વાડો સર્વે નં.૨૦૭ થી તળાવને લગોલગ બાંધી લીધેલ હોય અને તેના કારણે ગાડાવટ જુનો રસ્તો માત્ર ૮ કુટ આશરે પહોળો હોય અને તેને પ્રતિવાદીઓ સાંકળો કરવાની પ્રવૃતિઓ કરી રહ્યા હોય જેથી તેઓ વાદીઓને તેમના ગાડાબળદ, સાતી લાવવા લઈ જવા અડચણ, અટકાયત કરતા હોય અને રસ્તામાં અડચણ અટકાયત અને રૂકાવટ કરે તેમ હોય અને તા.૩–૪–૧૯ ના વાદી નં.૧ નાએ પ્રતિવાદીને રસ્તેથી ન નિકળવા ધમકી આપતા વાદીઓએ હાલનો દાવો દાખલ કરેલ છે અને તેની સાથે હાલની અરજી દાખલ કરી, વાદીઓની સંયુક્ત માલીકી કબજા ભોગવાટની કેશોદ તાલુકાના સીલોદર ગામની દાવા અરજી પેરા–૫ ની ચર્તુદિશા (એ) (બી) વાળી જમીનમાં આવવા જવાનો જનો ગાડાવડ રસ્તો પેરા–૫ (સી) ની વિગત મુજબનો આવેલ હોય તેમાં પ્રતિવાદીઓને સદરહું જુનો ગાડાવટ રસ્તો સાંકળો કરવા કે તેમા દબાણ કરવા કે સદરહું રસ્તામાં વાદીઓને આવવા જવા ગાડાબળદ સાતી, ટ્રેકટર, ટ્રેઈલર લાવવા લઈ જવા અટકાવવા પ્રતિવાદીઓ કે તેમના કુટુંબીજનો કે તેમના મુખત્યારો કે અન્ય કોઈ મારફતે અડચણ અટકાયત કે રૂકાવટ કરે કરાવે નહિ તેવો પ્રતિવાદીઓ વિરુદ્ધ દાવો ચાલતા દરમિયાન કામચલાઉ મનાઈ હુકમ મેળવવા તથા તેઓ વાદીઓની હાલની વચગાળાની મનાઈ હુકમની અરજીનો ગુણદોષ ઉપર ન્યાયિક નિર્ણય થતા દરમિયાન પ્રતિવાદીઓએ દાવાવાળી જુના ગાડાવડ રસ્તામાં કોઈ અડચણ અટકાયત કે રૂકાવટ કે બંધ કરેલ હોય તો પુનઃમુળ સ્થિતિમાં કરી આપે તેવો પ્રતિવાદીઓ વિરુદ્ધ આદેશાતમક હુકમ કરવા તથા અન્ય આનુસંધીક મળી શકતી બીજી તમામ દાદ મેળવવા દાદ માંગેલ છે.

(૮) આમ, ઉપરોક્ત વાદીઓની દાવા અરજી તથા રેકર્ડ ધ્યાને લેતા, આ કામના વાદીઓએ કહેવાતો જે રસ્તો આવેલ હોવાનું જણાવે છે તે દર્શાવતો વાદીઓ તરફે કોઈ ડી.આઈ.એલ.આર. કચેરીનો નકશો રજૂ કરેલ નથી. જેથી વાદીઓ તેઓ જે તેમના દાવામાં રસ્તો હોવાનું જણાવે છે તે દસ્તાવેજી પુરાવા આધારે પુરવાર કરી શકેલ નથી. વધુમાં વાદીઓ તરફે માર્ક ૪/૫ થી રજૂ કરેલ વેચાણ દસ્તાવેજ ઉપર

આધાર રાખી વેચાણ દસ્તાવેજમાં રબારીના નેશ બાજુ થઇ બાદ ગૌચરમાંથી થઇ તે રીતે રસ્તાના હકક સાથેનો ખરીદ કરેલ હોવાનું જણાવે છે. પરંતુ સદર માર્ક ૪/૫ વાળો વેચાણ દસ્તાવેજ ધ્યાને લેતામાં તેમાં વાદીઓએ જે હકીકતો રસ્તા બાબતે જણાવે છે તેવું લખાણ હોવાનું જણાય આવતું નથી. પરંતુ સદર વેચાણ દસ્તાવેજના પાના નં.૪ ઉપર જે ચર્તુદીશા જણાવેલ છે તેમાં પુર્વ ગૌચરની જમીન છે આ તરફના ભાગેથી આ જમીનમાં જવા આવવાનો રસ્તો છે તેવું જણાવેલ છે. તે સિવાય આ રસ્તાનો અગાઉના માલીકો વર્ષોથી પરાપૂર્વથી ઉપયોગ કરતા હોવાનું સદર દસ્તાવેજમાં જણાવેલ નથી.

(૯) વધુમાં, આ કામે વાદીઓ તરફે કોર્ટ કમિશનરશ્રી મારફત પંચરોજકામ કરાવેલ છે. જે કોર્ટ કમિશનરશ્રીનું પંચરોજકામ માર્ક–૧૫/૧ થી આ કામે રજૂ થયેલ છે અને તેની સાથે કોર્ટ કમિશરશ્રીએ માર્ક–૧૫/૨ થી નકશો પણ રજૂ કરેલ છે. આમ, સદર પંચરોજકામ ધ્યાને લેતા, સદરહું પંચનામામાં સ્થળ સ્થિતિ જોતા જણાય આવે છે કે, સદર રસ્તો વાદીના ખેતર તરફ જવાનો રસ્તો છે. રસ્તા પરથી વાદીના ખેતર તરફ જતો રસ્તો કાચો, થોડો સાંકળો અને વળાંકો આવેલ છે અને તે રસ્તેથી વાદીના ખેતર તરફ જઇ શકાય છે અને વાદગ્રસ્ત રસ્તા પર બે બાજુ બાવળના નાના મોટા ઝાડ તથા ઝાડી–ઝાંખરા આવેલ હોવાનું સદર પંચરોજકામમાં જણાવેલ છે. તેમજ નકશામાં પણ જણાવેલ છે. જેથી સદર તકરારી રસ્તામાં બે બાજુ બાવળના ઝાડ તથા ઝાંડી–ઝાંખરા આવેલ હોય તે જોતા વાદીઓ જણાવે છે તેમ સદર રસ્તો પ્રતિવાદીએ ઘેટાબકરા બાંધવાનો વાળો બનાવી સાંકળો કરેલ હોવાની જે વિગત જણાવેલ છે તે માની શકાય તેમ નથી અને જેના કારણે વાદીઓએ તેમના દાવામાં ખોટી હકીકતો જણાવેલ હોવાનું હાલના તબકકે પ્રથમ દર્શનીય રીતે જણાય આવતું હોય અને વાદીઓ ચોખ્ખા હાથે આવેલ ન હોવાનું પુરવાર થતું હોય વાદીઓની હાલની અરજી મંજુર કરી શકાય તેમ નથી.

(૧૦) વધુમાં, સદર હાલનો દાવો વાદીઓએ સને ૨૦૧૯ ના વર્ષમાં દાખલ કરેલ છે અને ત્યારથી આજદીન સુધી સદર અરજી ચલાવવા કોઇ અરજન્સી દર્શાવેલ નથી. જેથી તે હકીકત ધ્યાને લેતા પણ વાદીઓને કહેવાતી તેમની જમીનમાં

આવતા જતા હોવાનું અને ખેતી કરતા હોવાનું માની શકાય છે. આમ, જ્યારે ૨૦૧૯ થી આજદીન સુધી વાદીઓ તરફે સદર અરજી ચલાવવાની કોઇ અરજન્સી દર્શાવેલ ન હોય તે જોતા પણ વાદીઓનો પ્રાઇમાફેસી કેસ હોવાનું જણાય આવતું નથી.

(૧૧) આમ, વાદીઓ પ્રથમદર્શનીય રીતે તેમનો કેસની હકીકતો પુરવાર કરી શકેલ ન હોવાનું માનવાનું રહે છે અને જેથી વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ હોવાનું જણાઈ આવતુ નથી.જયારે દાવા મા વચગાળાની મનાઈ અરજીનો નિર્ણય કરવાનો હોય ત્યારે વાદી એ પોતાનો પ્રાયમાફેસી કેસ પુરવાર કરવો પડે તે અંગે [ ***In case of AIR 2010 SC 296 (Kashi Math Samsthan v. Srimas Sudhindra Thirtha Swamy).*** *"It is well settled that in order to obtain an order of injunction, the party who seeks for grant of such injunction has to prove that he has made out a prima facie case to go for trail, the balance of convenience is also in his favour and he will suffer irreparable loss and injury if injunction is not granted. But it is equally well settled that when a party fails to prove prima facie case to go for trial, question of considering the balance of convenience or irreparable loss and injury to the party concerned would not be material at all, that is to say, if that party fails to prove prima facie case to go for trial, it is not open to the court to grant injunction in his favour even if, he has made out a case of balance of convenience being in his favour and would suffer irreparable loss and injury if no injunction order is granted."*

(૧૨) આમ ઉપરોકત ચુકાદો વંચાણે લેતા સદરહુ કેસને પણ આ ચુકાદો લાગુ પડેછે. કારણ કે, વાદીઓ તેમનો મે ઉપરોકત કરેલ ચર્ચા મુજબ પ્રાયમાફેસી કેસ હોય તેવુ સાબિત કરી શકેલ નથી.આ એક જ મુદ્દા ઉપર વાદીઓની આ અરજી ગ્રાહ્ય રાખવા પાત્ર બનતી નથી.

(૧૩) વધુમાં, વાદીઓની દાવા અરજીની ૧ થી ૩ દાદ જોઇએ તો, દાદ નં.(૧) વાદીઓની સંયુક્ત માલીકી કબજા ભોગવાટની કેશોદ તાલુકાના સીલોદર ગામની દાવા અરજી પેરા–પ ની ચર્તુદિશા (એ) (બી) વાળી જમીનમાં આવવા જવાનો જનો ગાડાવડ રસ્તો પેરા–પ (સી) ની વિગત મુજબનો આવેલ હોય તેમાં પ્રતિવાદીઓને સદરહું જુનો ગાડાવટ રસ્તો સાંકળો કરવા કે તેમા દબાણ કરવા કે સદરહું રસ્તામાં વાદીઓને આવવા જવા ગાડાબળદ સાતી, ટ્રેકટર, ટ્રેઇલર લાવવા લઇ જવા અટકાવવા પ્રતિવાદીઓ કે તેમના કુટુંબીજનો કે તેમના મુખત્યારો કે અન્ય કોઇ મારફતે અડચણ અટકાયત કે રૂકાવટ કરે કરાવે નહિ તેવો પ્રતિવાદીઓ વિરુદ્ધ દાવો ચાલતા દરમિયાન કામચલાઉ મનાઇ હુકમ મેળવવા, દાદ નં. (૨) વાદીઓની હાલની વચગાળાની મનાઇ હુકમની અરજીનો ગુણદોષ ઉપર ન્યાયિક નિર્ણય થતા દરમિયાન પ્રતિવાદીઓએ દાવાવાળી જુના ગાડાવડ રસ્તામાં કોઇ અડચણ અટકાયત કે રૂકાવટ કે બંધ કરેલ હોય તો પુનઃમુળ સ્થિતિમાં કરી આપે તેવો પ્રતિવાદીઓ વિરુદ્ધ આદેશાતમક હુકમ કરવા તથા દાદ નં. (૩) અન્ય આનુસંધીક મળી શકતી બીજી તમામ દાદ અપાવવા માંગણી કરેલ છોવાદીઓની આ દાવાની દાદ સાથે તેમની હાલની આંક–પ ની અરજીની દાદ જોઇએ તો,તેમા તેઓએ તેમની સંયુક્ત માલીકી કબજા ભોગવાટની કેશોદ તાલુકાના સીલોદર ગામની દાવા અરજી પેરા–પ ની ચર્તુદિશા (એ) (બી) વાળી જમીનમાં આવવા જવાનો જનો ગાડાવડ રસ્તો પેરા–પ (સી) ની વિગત મુજબનો આવેલ હોય તેમાં પ્રતિવાદીઓને સદરહું જુનો ગાડાવટ રસ્તો સાંકળો કરવા કે તેમા દબાણ કરવા કે સદરહું રસ્તામાં વાદીઓને આવવા જવા ગાડાબળદ સાતી, ટ્રેકટર, ટ્રેઇલર લાવવા લઇ જવા અટકાવવા પ્રતિવાદીઓ કે તેમના કુટુંબીજનો કે તેમના મુખત્યારો કે અન્ય કોઇ મારફતે અડચણ અટકાયત કે રૂકાવટ કરે કરાવે નહિ તેવો પ્રતિવાદીઓ વિરુદ્ધ દાવો ચાલતા દરમિયાન કામચલાઉ મનાઇ હુકમ મેળવવા તથા તેઓ વાદીઓની હાલની વચગાળાની મનાઇ હુકમની અરજીનો ગુણદોષ ઉપર ન્યાયિક નિર્ણય થતા દરમિયાન પ્રતિવાદીઓએ દાવાવાળી જુના ગાડાવડ રસ્તામાં કોઇ અડચણ અટકાયત કે રૂકાવટ કે બંધ કરેલ હોય તો પુનઃમુળ સ્થિતિમાં કરી આપે

તેવો પ્રતિવાદીઓ વિરુદ્ધ આદેશાતમક હુકમ કરવા તથા અન્ય આનુસંગીક મળી શકતી બીજી તમામ દાદ મેળવવા દાદ માંગેલ છે.

(૧૪) આમ, વાદીઓએ દાવા અરજીમાં જે દાદ માંગેલ છે તેવીજ દાદ તેઓએ હાલની આ મનાઇ હુકમની અરજીમાં માંગેલ હોય જેથી આ હાલની મનાઇ અરજીની દાદ વાદીઓને આપવામાં આવે તો પુરાવો લીધા સિવાય જ દાવાનો નિર્ણય આવી જાય તેમ હોય જે હકીકત જોતા પણ વાદીઓની હાલની અરજી મંજુર કરી શકાય તેમ નથી અને હાલની અરજીમાં વાદીઓની કોઇ સગવડતાની સમતુલ્લા સમાયેલી હોય તેવું જણાય આવતું નથી અને વાદીઓએ જ્યારે સને ૨૦૧૯ માં હાલનો દાવો દાખલ કરેલ હોય ત્યારથી દાવાવાળી મિલકતમાં અવર-જવર કરતા હોવાનું માનવાનું રહેતું હોય તે જોતા પણ વાદીઓને નાણાંમા આંકી ન શકાય તેવું કોઇ નુકશાન થતું હોવાનું જણાતું નથી. આમ , સમન્યાયની આ દાદ મેળવવા જરુરી તમામ તત્વો તેમની તરફેણમાં હોવાનું વાદીઓ સાબિત કરી શકતા નથી ત્યારે **મુદાનં ૧** નો જવાબ **નકારમા** ઠરાવી **મુદા નં.૨** પરત્વે નીચે મુજબનો હુકમ કરું છું.

**:<u>હુકમ</u>:**

(૧) વાદીઓની હાલની આંક.૫ ની સી.પી.સી ઓર્ડર-૩૯ રૂલ(૧),(૨) તથા સી.પી.સી.કલમ.૧૫૧ મુજબ ની મનાઈ હુકમ મેળવવાની અરજી **નામંજુર** કરવામાં આવે છે.

(૨) આ અરજી નો ખર્ચ દાવા ના આખરી પરિણામને અનુસરશે.

હુકમ આજ તા.૩૦ મી, માહે જાન્યુઆરી, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Date-30/01/2026
Place- Keshod

(Valjibhai Shamjibhai patel)
Principal Sr.Civil Judge,
Keshod.
(UID : GJ01484).